# હોસ્પિટલમાં ગત સપ્તાહમાં કમળાના ૪૨ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં વાહકજન્ય તેમજ પાણીજન્ય રોગચાળો માથુ ઉંચકી રહ્યો છે. ઓક્ટોબર માસના પ્રથમ સપ્તાહમાં જ હવામાનમાં આવેલા અચાનક પલટાને કારણે મેલેરીયા, ટાઈફોઈડ, ડેન્ગ્યુ અને કમળા સહિતના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. જેમાં તા. ૩ થી ૯ ઓક્ટોબર દરમિયાન ડેન્ગ્યુના ૩૮, મેલેરીયાના ૧૩, કમળાના ૪૨ અને ટાઈફોઈડના ૪ કેસ નોંધાયા છે. ત્યારે આરોગ્ય તંત્ર પણ પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાને કાબુમાં કરવા મથામણ કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરની હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ગત સપ્તાહમાં વાતાવરણમાં પલટાને કારણે રોગચાળો વકર્યો હતો. શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આરોગ્ય તંત્રની ટીમ વાહક જન્ય અને પાણીજન્ય રોગચાળાને અટકાવવા કમર કસી રહ્યું છે. શહેરના નાગરીકોને આરોગ્યલક્ષી સુચનો કરવામાં આવી રહ્યા છે. છતાં શહેરમાં ઘેર ઘેર બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. શહેરના ખાનગી તેમજ સરકારી દવાખાનામાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં પણ ગત તા. ૩ થી ૯ ઓક્ટોબર દરમિયાન ડેન્ગ્યુના ૩૮, મેલેરીયાના ૧૩, કમળાના ૪૨, અને ટાઈફોઈડના ૪ કેસ નોંધાયા છે. શહેરમાં પાણી અને વાહકજન્ય રોગચાળાએ જાણે અજગરી ભરડો લીધો હોય તેવું લાગી રહ્યું છે.



ગાંધીનગર શહેરના મહાનગર પાલિકાના વોર્ડ નં-૩ના કોર્પોરેટર પ્રિતિબેન ધવલકુમાર દવે દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પંચદેવ મંદિર થી ૧૭-૨૨ સુધીના માર્ગની સફાઈ હાથ ધરવામાં આવી હતી. જેમાં ચોમાસાની સિઝનમાં વરસાદના કારણે ઉગી નીકળેલી બિન ઉપયોગી વનસ્પિત તેમજ જાળી-ઝાંખરા દુર કરવામાં આવ્યા હતા. આ સફાઈ અભિયાનમાં ભાજપ યુવા મારચાના મહામંત્રી ધવલ દવે પણ ખાસ હાજર રહ્યા હતા.





## રતનપુર થી રાજપરા પદયાત્રા..

ખોડિયાર યુવક મંડળ દ્વારા રકનપુરથી રાજપરા ખોડીયાર ધામ પદયાત્રાનો આજે પ્રારંભ કરવામાં આવ્યો હતો. યુવક મંડળ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી આ પદયાત્રા ખેડવામાં આવે છે. દરવર્ષે દશેરાના રોજ યુવાનોની પદયાત્રા શરૂ થાય છે. પાંચ દિવસીય આ પદયાત્રા દરમિયાન ૨૩૦ કી મીનું અંતર કાપવામાં આવે છે. ખોડીયાર મંદિર પગપાળા જતા પદયાત્રીઓમાં ૫૦ યુવાનો જોડાય છે.રોજનુ ૪૭ કીમી અંતર કાપે છે. મંગળવારે પણ યુવક મંડળ દ્વારા ભાવનગર સ્થિત રાજપરા ખોડીયાર મંદિર જવા માટે ભાવિક યુવાનોના સંઘનુ પ્રસ્થાન થયુ હતુ. આ વર્ષે આ માંઈભક્ત યુવાનો દ્વારા ૫૨ ગજની ધ્વજા હાથમાં રાખી પદયાત્રા ખેડવાનુ શરૂ કરવામાં આવ્યુ છે.

# ૧૩ થી ૧૭ ઓક્ટો. દરમિયાન શહેર તાલુકા ભાજપની કારોબારી મળશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા જિલ્લામાં સમાવિષ્ટ ચાર શહેરીમંડળ અને ચાર તાલુકાની કારોબારી ૧૩મી ઓક્ટો.થી ૧૭ ઓક્ટો. દરમ્યાન નિયત કરાયેલા સ્થળોએ મળશે તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

આ યાદીમાં જણાવાયા મુજબ આ કારોબારી બેઠકમાં જિલ્લા પ્રભારી રમણજી સોલંકી, જિલ્લા પ્રમુખ નૈલેષ શાહ, મહામંત્રી આઈ.બી. વાઘેલા, નાથુભાઈ ચૌધરી અને અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. ૧૩મીએ ગાંધીનગર તાલુકો તથા પેથાપુર શહેર, ૧૩મીએ દહેગામ તાલુકો તથા દહેગામ શહેર, ૧૫મીએ કલોલ તાલુકો અને કલોલ શહેર તેમજ ૧૭મીએ માણસા તાલુકો અને માણસા શહેરની કારોબારી બેઠકો મળશે.

આ બેઠકોમાં પક્ષના આગામી કાર્યક્રમો તથા રાજકીય સ્થિતિ અંગેની સમીક્ષા કરવામાં આવશે.

# ભારત હેન્ડબોલ ચેમ્પિયનશીપની ફાઈનલમાં બે ટીમો ફાઈનલમાં બાંગ્લાદેશ સાથે ટકરાશે

બાંગ્લાદેશના ઢાકા ખાતે રમાઈ રહેલ ઈન્ટરનેશનલ હેન્ડબોલ ચેમ્પિયન ટ્રોફીમાં ભારતની અન્ડર-૨૧ બૉયઝ ટીમ અને અન્ડર-૨૦ ગર્લ્સ ટીમ બંને ફાઈનલમાં પહોંચી છે. સેમીફાઈનલમાં બૉયઝ ટીમે નેપાળને ૨૫-૦૬ થી અને ગર્લ્સ ટીમે શ્રીલંકાની ટીમને ૫૦-૧૧ થી કારમો પરાજય આપ્યો હતો.



ઢાકા ખાતે રમાઈ રહેલ આઈએચએફ હેન્ડબોલ ચેમ્પિયન ટ્રોફીમાં ભારતની પુરૂષ અને મહિલા બંને ટીમોએ અત્યાર સુધી ખુબ જ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે બંને ટીમોનો નેશનલ કોચીંગ કેમ્પ ગાંધીનરના સાંઈ સંકુલ ખાતે યોજાયો હતો. ગાંધીનગર સાઈના રિજીયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુ તથા ભારતીય ટીમના ચીફ કોચ શશિમોહન ધુમાલનો બંને ટીમો ઉત્કૃષ્ઠ પ્રદર્શનમાં સિંહફાળો રહ્યો છે. પુરૂષ ટીમમાં તો ગુજરાતના બે ખેલાડી પસંદ થયા છે જે બંને સાઈ ગાંધીનગરના ખેલાડી છે. રિજિયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુએ બંને ટીમોને ચેમ્પિયન બનવા શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગ્રંથ વિમોચન સમારોહ યોજાશે

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૫ ઓકટોબરને શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે સેકટર-૧૭, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે ગ્રંથ વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત સાહિત્યસભા અને ગુજરાતી સાહિત્ય પરિષદ આધ્યસ્થાપકો પૈકીના સાક્ષર રણજીતરામ મહેતાના જીવનકથન પર આધારિત ગ્રંથ 'રણજીતરામ વાવાભાઈ અને તેમનું સાહિત્ય'નું વિમોચન કેન્દ્રીય કૃષિ રાજય મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાના હસ્તે કરવામાં આવશે. સંપાદક અને સંશોધક દોલત ભટ્ટના આ અભ્યાસ ગ્રંથના વિમોચન પ્રસંગે જાણીતા પત્રકાર ભવેન કચ્છી અને અકાદમી અધ્યક્ષ ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે તેમ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર મનોજ ઓઝાએ જણાવ્યું છે.

## ટાઉનહોલ ખાતે નન્હી મુસ્કાન લોક ડાયરો યોજાશે

શિવમ્ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ અને ક્રિષ્ના એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૧૯ ઓકટોબરને બુધવારના રોજ રાત્રે ૮ કલાકે ટાઉનહોલ, સે-૧૭ ખાતે નન્હી મુસ્કાન લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક ડાયરામાં લોક સાહિત્યકાર, ડૉ. રણજીત વાંક, બાળ સાહિત્ય કલાકાર હિતાર્થ બારોટ અને લોકગાયક તથા કલાકાર વૃંદ નારણ બારોટ હાજર રહેશે. તેમજ આ પ્રસંગે અમદાવાદ જગન્નાથ મંદિરના પૂજય સ્વામી દિલીપદાસજી મહારાજ અને સાબરકાંઠા વિશ્વેશ્વર મહાદેવ મંદિરના મહંત રામદાસજી ગુરુ અનિરૂધ્ધદાસજી નિર્મોહી આશીર્વાદ આપવા પધારશે.

## જલારામ સેવા સમાજ દ્વારા શરદોત્સવ

જલારામ સેવા સમાજ દ્વારા તા. ૧૬મી ઓકટોબરના રોજ શરદપૂર્ણિમાની અજવાળી રાત્રે પૂ. જલારામ બાપાના કૃપાગણમાં શ્રધ્ધા ભકિત અને પારસ્પરિક સ્નેહભર્યા વાતાવરણમાં રાત્રે સાડા આઠ વાગે ગાયત્રી ઓરકેસ્ટ્રા પેથાપુરના મસ્તીભર્યા સુરોના સથવારે શરદોત્સવ નિમિત્તે રાસ ગરબાનો સ્પર્ધાત્મક કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં જલારામ સમાજના સભ્યોને હાજર રહેવા જણાવેલ છે તેમ શ્રી જીતેન્દ્રકુમાર સોમાણી પ્રમુખશ્રી, શ્રી સેવંતીલાલ ઠકકર-મંત્રીશ્રી જલારામ સેવા સમાજે જણાવેલ છે.



## નવરાત્રીમાં ભૂલકાંઓ માટે વેશભૂષા

નવરાત્રીમાં મોટેરાંઓ માટે ગરબા રમવાનો આનંદ હોય તો ભૂલકાંઓ કેમ રહી જાય? સરગાસણ ચાર રસ્તા પાસેના સત્યમેવ ફેમોસા એપાર્ટમેન્ટમાં યોજાયેલ શેરી ગરબા મહોત્સવમાં સોસાયટીના બાળકો માટે વેશભૂષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રીના અંતિમ નોરતે યોજાયેલ આ કાર્યક્રમમાં બાળકો અવનવા ઐતિહાસિકથી માંડીને અર્વાચીન સમયના વિવિધ પાત્રોની વેશભૂષા ધારણ કરી ગરબા રમ્યા હતા. તમામ બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

# ટેલિફોન અદાલત માટે જાગૃત ગ્રાહકો દ્વારા પ્રશ્નોની શ્રેણીબદ્ધ રજૂઆત

ગાંધીનગર, તા. ૧૨

ભારતસંચાર નિગમ લિમિટેડ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૯-૧૦-૧૬ના રોજ ટેલીફોન અદાલતનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ટેલીફોન અદાલતમાં ગ્રાહકો પોતાના પ્રશ્નો રજુ કરી શકશે. જ્યારે શહેરના એક જાગૃત ગ્રાહકે ટેલીફોન અદાલતને લગતા ૧૦ જેટલા પ્રશ્નોની રજુઆત કરી છે. જેમાં ટેલિફોન ડિરેક્ટરી પ્રસિદ્ધ કરવા બાબત, રાષ્ટ્રીય પર્વ અને ધાર્મિક તહેવારમાં ફ્રી વાતચીતની સેવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૧ સ્થિત ભારત સંચાર નિગમ લિમિટેડતંત્ર દ્વારા આગામી સમયમાં ટેલીફોન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી શહેરના જાગૃત ટેલીફોન ધારક હર્ષદકુમાર ગાંધીએ ટેલિફોન અદાલતને ધ્યાને લઈ ૧૦ જેટલા ગ્રાહકોલક્ષી સૂચનો રજુ કર્યા છે. જેમાં ટેલિકોમ ક્ષેત્રે ચાલતી ગળાકાપ સ્પર્ધામાં ટકી રહેવા લેન્ડલાઈન ધારકોને નહી નફો નહી નુકશાન ધોરણે મોબાઈલ આપવા, ઘણા વર્ષોથી ટેલીફોન ધારકોની ડિરેક્ટરી નથી તો તે પ્રસિદ્ધ કરવી, હાલમાં બીએસએનએલ દ્વારા લેન્ડલાઈનથી કોઈપણ મોબાઈલ પર રવિવારે મફત વાતચીત કરવાની સગવડતા અપાઈ છે. ત્યારે રાષ્ટ્રીય પર્વ અને ધાર્મિક તહેવારના દિવસે ફ્રી વાતચીતને સેવા ઉપલબ્ધ કરવી, ટેલિફોન ધારકની મુશ્કેલી સામે આવે તે માટે નામાંકિત આગેવાનોને બેઠકમાં સ્થાન આપવુ, લેન્ડલાઈન ટેલીફોન સાધનમાં બદલાવ, ચેકડ્રોપ બોક્ષની સગવડતા, ટેલીફોન બીલ સમયસર ચૂકવાય તેવા ગ્રાહકો માટે વર્ષને અંતે રીબેટ આપવા બાબત, ટેલીફોન ફરિયાદમાં સરળતા સહિત દિવાળીમાં બોણી લેવા જવાની પ્રક્રિયાની નાબુદી કરવી સહિતના સૂચનોનો સમાવેશ થાય છે.

# ભાજપના પ્રદેશ માળખાની પુનઃ રચના દિવાળી પહેલા પૂર્ણ કરાશે

ગુજરાત ભાજપના વિવિધ મોરચા અને સેલોની વિલંબમાં પડેલી પુનઃ રચના પ્રક્રિયા ફરી એકવાર શરૂ કરવામાં આવી છે અને દિવાળી પહેલા જ આ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ ભાજપના નવા પ્રમુખની વરણી કરવામાં આવ્યા બાદ પ્રદેશના વિવિધ મોરચા અને સેલોની પુનઃ રચના પ્રક્રિયા બાકી હતી તે વિલંબમાં પડવા પામી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હજુ કેટલાક જિલ્લાઓમાં સરંચના બેઠકો બાકી છે. આથી આ પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે. આ ઉપરાંત રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ-નિગમોમાં પણ ચેરમેન ઉપાધ્યક્ષો અને ડીરેક્ટરોની નિમણુંકો પણ કરવાની બાકી છે.

આથી પ્રદેશના વિવિધ મોરચા અને સેલોમાં નિમણુંકો અંગે નામો પર સર્વ સમંતિ સધાયા બાદ પસંદગી પામેલ ઉમેદવારોના નામો પર આખરી પસંદગીની મહોર લગાવી અને યાદી આખરી કરવામાં આવશે. આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ પુનઃ રચના પ્રક્રિયા હાથ ધરીને પૂર્ણ કરવામાં આવશે. ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ આણંદ ખાતે મળેલી પ્રદેશ કારોબારીની બેઠકમાં દિવાળીના તહેવારો બાદ રાજ્યમાં મોરચાઓ દ્વારા સંમેલનો કાર્યક્રમ ઘડી કાઢીને જાહેર કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ જાહેર કરાયો હોઈ દિવાળીના તહેવારો પહેલા જ પ્રદેશના મોરચાઓ અને સેલોની પુનઃ રચના પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧







## કબડ્ડી ટીમ ગાંધીનગરમાં

ઈંગ્લેન્ડની કબડ્ડી ટીમ બુધવારે સાંજે મહાત્મા મંદિર અને ગાંધીનગર શહેરમાં અનેક સ્થળોની મુલાકાત લીધી હતી. અમદાવાદમાં છઠ્ઠીથી આરંભાયેલ વિશ્વ કબડ્ડી સ્પર્ધા દુનિયાના અનેક દેશોની કબડ્ડી ટીમો આવી છે અને ખેલાડીઓ રાજ્યના જોવાલાયક સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે. આજકાલ ગાંધીનગરમાં પણ અનેક દેશોના ખેલાડીઓ આવે છે.